અનુસૂચિત જાતિના વિધાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવા બાબત.
લોન ની રકમ માં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:SCW/10/2013/771453/ન.બા.16/G
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૭ /૮/૨૦૧૪

વંચાણે લીધા:-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૩/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક એસપીએચ-૧૦૯૭-મુ.મ-૩૧૫-ન.બા.૮(૦૬)/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા:૧૫/૧૧/૨૦૧૩નો પત્ર ક્રમાંક: અજાક-ગ.૧/૧/૨૦૧૩-૧૪- ૫૫૫૧-૫૨.

ઠ રા વ:-

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ માં ઉચ્ચ શિક્ષણ માટે જવા લોન આપવાની "ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્કોલરશિપ લોન યોજના" અમલમાં છે. હાલમાં વંચાણે લીધા (૧) તા.૨૩/૩/૨૦૦૭ ના ઠરાવથી વિદ્યાર્થી દીઠ રૂ. ૧૦.૦૦ લાખ ની લોન વાર્ષિક ૪% ના દરે આપવામાં આવે છે. આ યોજનાની રકમમાં વધારો કરવો જરૂરી હોઇ નિયામકશ્રી અનૂસુચિત જાતિ કલ્યાણ ના વંચાણે લીધા ક્રમ (૨) ના તા. ૧૫/૧૧/૨૦૧૩ના પત્રથી આ રકમ રૂ. ૧૦.૦૦ લાખથી વધારીને રૂ. ૧૫.૦૦ લાખ કરવાની નવી બાબત નો વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજ પત્રમાં સમાવેશ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. આ દરખાસ્તને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ માં ઉચ્ચ શિક્ષણ માટે જવા લોન આપવાની "ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્કોલરશિપ લોન યોજના" માં લોન ની રકમ રૂ. ૧૦.૦૦ લાખથી વધારીને રૂ. ૧૫.૦૦ લાખ કરવાની રૂ. ૨૫૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવી છે

શરતો :-

(૧) નિયામકશ્રી (અ.જા.ક.) દ્વારા યુનિવર્સિટીની ક્વોલીટી ની ખાતરી કરી યુનિવર્સિટી/ઈન્સ્ટીટ્યુશન નિયત કરી તે માટે જ સહાય ચુકવવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભ પ્રર્વતમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) નિયામકશ્રી (અ.જા.ક.) દ્વારા યુનિવર્સિટી/ઈન્સ્ટીટ્યુશનની ઓળખ કરી વિખ્યાત પ્રમાણિત યુનિવર્સિટી માટેના ક્રાયટેરીયા નક્કી કરવાના રહેશે અને આવી યુનિવર્સિટી/ઈન્સ્ટીટ્યુશન માટે જ લોન ચુકવવાની રહેશે.

(૮) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) પ્રવર્તમાન યોજનાના નોમર્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનુ ખર્ચ માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૬૨૨૫-અનુ સૂચિત જાતિ, આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ માટે લોન સહાય ,પેટા મુખ્ય સદરઃ- ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૮૦૦- અન્ય ખર્ચ, પેટા સદર- (૩) બીસીકે-૧૫ વિદેશોમાં ઉચ્ચ શિક્ષણ માટે લોન બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૩-૬-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

-માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર -
-નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
-એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
-નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
-નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
-સર્વેજીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિ.શ્રી,અ.જા.ક મારફત)
-સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત, (નિ.શ્રી,અ.જા.ક મારફત)
-સર્વે તિજોરી જીલ્લા અધિકારીશ્રી, , (નિ.શ્રી,અ.જા.ક મારફત)
-બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
-કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
-પસંદગી ફાઇલ.